PGCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGCL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/કવા–૦૩/૧૬–૧૭/ ૯૦૫ તા. ૩૦/૦૧/૧૧

રજી. એડી પત્ર

પ્રતિ,
જેરામભાઈ બાવાભાઈ દોંગા,
ગામ: જશાપર,
તા. જામ કંડોરણા
જી. રાજકોટ
મો: ૯૯૨૪૬ ૨૭૧૭૧

**વિષય :–નવા ખેત જોડાણ સામે વાંધા અરજી**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૫/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જેતપુર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં.–૧, જામકંડોરણા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / A7

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૫/કવા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૨૭–૦૧–૧૭ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: જેરામભાઈ બાવાભાઈ દોંગા,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી જેરામભાઈ બાવાભાઈ દોંગા હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં.–૧, જામકંડોરણા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જેતપુર)

રજુઆત કરનાર :આર.જે.વાળા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જેતપુર

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ સામે વાંધા અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી, જે રૂબરૂ ચર્ચાઓ સાથે રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના પિતાશ્રી ના નામે આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૯૫૦૨/૦૧૧૫૯/૭ વાડી જગ્યા પર, પડોશી એવા શ્રી વિઠઠલભાઈ માવજીભાઈ બાબરીયા ને નવુ જોડાણ આપવા માટે નો થાંભલો ઉભો કરાયેલ છે. આ થાંભલો તેઓની જમીન મા સિંચાઈ કરવા માટે તેમજ ભવિષ્ય મા ઉભા થનાર ગોડાઉન માટે નડતરરૂપ છે. ખરેખર આ વીજલાઈન ના તાર તેઓ શ્રી ને નડતરરૂપ છે. ફરીયાદી અરજદાર શ્રી ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને વિગતે ચર્ચા કરી અને – જણાવે છે કે, હાલ ના તબ્બકા ની કુલ ૨૩૦ ફુટ ના માપ વાળી સદર વીજલાઈન જે, અરજદાર ની જમીન પર ઉભી કરવા બાબતે ની થયેલ છે. |
| ૧.૨ | આમ, ઉપર મુજબ ના મુદદા નં.૧.૧ મા વર્ણવ્યા મુજબ ની હાલ ના તબ્બકે ની વીજલાઈન, તેઓ શ્રી ની જમીન એ અસરકર્તા હોય તે મુજબ ઉભી કરવાને બદલે, ખરેખર સ્થળ પર ઉપલબ્ધ એવી, ૧૧ કેવી ભાદરા ફિડર ની હૈયાત વીજલાઈન માથી, ૨૪૨ ફુટ માપની વીજલાઈન ખેચવા બાબતે ની વાસ્તવિક સ્થિતી અને તાંત્રીક શકયતાઓ રહેલ છે. તદ ઉપરાંતના, શ્રી વિઠલભાઈ માવજીભાઈ બાબરીયા ના કુવા પાસે હૈયાત એવી, ૧૧ કેવી જશાપર ફીડર વાળી વીજલાઈન માથી, જો સદર વીજલાઈન ઉભી કરવામા આવે તો, આ વીજલાઈન નુ માપ ૧૯૧ ફુટ થવા જાય છે. આમ, આ બન્ને વિકલ્પો વાળા અન્ય સ્થળ પર હૈયાત એવી વીજલાઈન માથી, વીજલાઈન ખેચીને માંગણીદાર ની જમીન પર જ, ઉભી કરવામા આવે તો, પીજીવીસીએલ ને, સામાન્યતઃ લંબાઈ ના માપ ની વીજલાઈન ખેચવા બાબત જ જરૂરી છે. તેમજ, આ બાબત તાંત્રીક રીતે પુરી શકયતા વાળી હોય, પરંતુ, આ બાબત માંગણીદાર ની જમીન ને સામાન્યતઃ અસરકર્તા થશે, પરંતુ – પડોશી એવા ફરીયાદી અરજદાર શ્રી ની જમીન ને, સદર વીજલાઈન નડતરરૂપ થશે નહી. પરંતુ, મુળ માંગણીદાર ની જમીન પર જ મહદઅંશે અસરકર્તા થશે. |
| ૧.૩ | આમ, ઉપરોકત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતને, વિશેષ સમર્થન આપતા, ફરીયાદી અરજદાર શ્રી ફોરમ કમિટી ને જણાવે છે કે, તેઓ શ્રી એ સુચવેલ સદર સવાલવાળી વીજલાઈન, જો ખસેડવામા આવેતો તે વીજલાઈન ની ખરેખર વાસ્તવિક લંબાઈ પણ સામાન્યતઃ રહે, તે મુજબ ની પુરી શકયતાઓ છે. આ બાબતે – કંપની કક્ષાએથી ફરી એક વખત, ઉપલી કચેરી ના સક્ષમ અધિકારી મારફત રી – સર્વે કરી અને વાસ્તવિક ખાતરી મેળવી અને ખરાઈ કરવામા આવશે તો, તેઓ શ્રી ની માંગણી ખરેખર પીજીવીસીએલ ને યોગ્ય અને વ્યાજબી જણાશે. તેવુ મંતવ્ય, ફરીયાદી અરજદાર શ્રી એ ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે. આમ ફરીયાદી અરજદાર શ્રી ના મંતવ્ય મુજબ, પીજીવીસીએલ કક્ષાએથી કાર્યવાહી કરવામા આવશે તો, સવાલવાળી વીજલાઈન ખરેખર તેઓને નડતરરૂપ નહી રહે, અને તેઓ શ્રી ને ખરેખર ન્યાય મળશે, તેમજ પીજીવીસીએલ ને પણ, કોઈ વિશેષ આર્થિક ગેરફાયદો થશે નહી. તદ ઉપરાંત, આ મુજબ ની સુચવાયેલ ફેરફાર યુકત વીજલાઈન ભવિષ્ય મા સમારકામ માટે પણ પીજીવીસીએલ ને અનુકુળ રહેશે. સદર બાબતે, ફરીયાદી અરજદાર શ્રી તરફથી રજુ કરાયેલ રજુઆત અન્વયે ની સદર તમામ શકયતાઓ, ચકાસી અને હાલ ના તબ્બકે, પડોશી ને જોડાણ આપવા માટે ઉભી કરાયેલ વીજલાઈન, જે ફરીયાદી અરજદાર શ્રી ના સ્થળ પર નહી, પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની જમીન ને, સામાન્યતઃ જ અસરકર્તા રહે તે મુજબ ખસેડવા બાબતે ની પુરી તાંત્રીક શકયતાઓ અને વ્યાજબીપણુ રહેલ હોય, આ બાબતે, પીજીવીસીએલ કક્ષાએથી યોગ્ય કરવા બાબતે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ રૂબરૂ ચર્ચાઓ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | શ્રી વિઠલભાઈ માવજીભાઈ બાબરીયા ની તા.૧૦–૧૨–૨૦૦૯ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુર કરાયેલ અરજી અન્વયે, મંજુરી ચાર્જ વગેરે ભરપાઈ થતા, પીજીવીસીએલ તરફથી, તા.૧૬–૦૯–૨૦૧૬ ના રોજ મુળ સર્વે થયેલ એવા સ્થળ પર, વીજલાઈન ઉભી કરી અને માંગણીદાર ને જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરાયેલ હતી. આ કામગીરી સમયે ફરીયાદી અરજદાર શ્રી એ, તા.૨૯–૧૧–૨૦૧૬ ના રોજ, વીજલાઈન ઉભી કરવા સામે લેખીત વાંધા અરજી રજુ કરેલ હતી. |
| **૨.૨** | ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વાંધા અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ કક્ષાએથી ફરી એક વખત, સ્થળ ચકાસણી કરવામા આવેલ હતી. આ સ્થળ ચકાસણી મુજબ, માંગણીદાર ને જોડાણ આપવા માટે ની, મંજુર કરાયેલ વીજલાઈન, જે ફરીયાદી અરજદાર શ્રી ને નડતરરૂપ છે, તે વીજલાઈન નુ માપ ૫૦ મીટર છે. જયારે, ફરીયાદી અરજદાર શ્રી ના સુચવ્યા મુજબ ના, પ્રથમ વિકલ્પ એવા (૧) માંગણીદાર ના માંગણી ના સ્થળ તરફના હૈયાત રહેલ એવા ૧૧ કેવી ભાદરા ફિડર માથી, જો વીજલાઈન ઉભી કરવામા આવે તો વીજલાઈન નુ માપ ૭૫ મીટર થાય છે. તેમજ, દ્રીતીય વિકલ્પ (૨) માંગણીદાર ના માંગણી ના સ્થળ તરફના હૈયાત રહેલ એવા ૧૧ કેવી જશાપર ફીડર માથી, જો વીજલાઈન ઉભી કરવામા આવે તો વીજલાઈન નુ માપ ૭૦ મીટર થાય છે. |
| **૨.૩** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે, માંગણીદાર ને મંજુર કરાયેલ જોડાણ મુજબ ની મુળ મંજુરી અન્વયે ની વીજલાઈન નુ માપ ઘણુ ઓછુ છે. જયારે, અરજદારે દર્શાવેલ વિકલ્પો મુજબ નુ માપ ઘણુ વધારે છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી મુજબ – જોડાણકારો ને જોડાણ આપવા માટે, જોડાણ ના સ્થળ નજીક રહેલ, એવી ઓછામા ઓછા અંતર વાળી હૈયાત વીજલાઈન માથી જ, જોડાણ આપવાની જોગવાઈ છે. જેને, આનુષાંગીક રહેતા, માંગણીદાર ને વીજલાઈન તાંત્રીક રીતે શક્ય એવા ઓછામા ઓછા અંતર ની વીજલાઈન મંજુર કરાયેલ છે. જે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |
| **૨.૪** | આમ, પીજીવીસીએલ ની ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ થી ૨.૩ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે ફરીયાદી અરજદાર શ્રી એ માન્ય રાખેલ ન હોય, અને સદર વીજલાઈન સામે તેઓ શ્રી એ વાંધો કાયમ રાખેલ હોય, જેથી પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, તા.૦૩–૦૧–૧૭ ના રોજ, સદર વાંધા કેઈસ, જે '' ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ '' સમક્ષ રજુ થયેલ છે. જે, ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે. જેનો હુકમ – જે મુજબ નો – '' ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ '' તરફથી મળશે, તે હુકમ ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ કક્ષાએથી સદર વાંધા અરજી બાબતે યોગ્ય કરવામા આવશે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, મૌખિક ચર્ચાઓ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે. બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે: |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની, તેઓ શ્રી ના પડોશી ને, નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની – મંજુર કરાયેલ વીજલાઈન, જે તેઓ શ્રી ની મીલ્કત ને નડતરરૂપ હોય, સદર બાબતે ના પ્રશ્ન ના નિકાલ માટેની, સવાલવાળી, મુદ્દા નં.(૧) હેઠળ વર્ણવ્યા મુજબ ની વિગતે ની, વાંધા અરજી કેઈસ બાબત – જે હાલ ના તબ્બકે, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, તા.૦૩–૦૧–૧૭ ના રોજ – સદર વાંધા કેઈસ, જે '' ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ '' સમક્ષ દાખલ કરાયેલ છે. જે વાંધા કેઈસ હાલ ના તબ્બકે, '' ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ '' કક્ષાએ ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે. '' ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ '' તરફથી, સદર વાંધા કેઈસ મા ભવિષ્ય મા જે મુજબ નો હુકમ થશે, તે હુકમ ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ કક્ષાએથી સદર વાંધા કેઈસ બાબતે યોગ્ય કરવામા આવશે. પીજીવીસીએલ પક્ષકાર નો આ અભિપ્રાય ફોરમ કમિટી યોગ્ય ઠેરવે છે. |
| **૩.૨** | આમ, ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતેનો વાંધા કેઈસ, જે વાંધા કેઈસ હાલ ના તબ્બકે, '' ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ '' કક્ષાએ ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે. નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨.૨૦૧૧ નાં મુદ્દા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ, સદર પ્રકારના, ન્યાયિક રીતે સક્ષમ એવા સતાધીશ સમક્ષ, ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર રહેલ હોય, તેવા કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની, સદર ફરીયાદ અરજી પરત્વે, અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી, સદર અરજી દફતરે કરવામાં આવે છે. તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો,સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ